શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

RNI NO. 6304 / 62

# પંચોલી નવયુગ



માર્ચ અંક - ૩
વર્ષ : ૫૩ સળંગઅંક : ૪૨૯
માસિક કિંમત - ૧૦/- વાર્ષિક લવાજમ - ૧૦૦/-

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

સત્ કૈવલ સાહેબ

# હૃદયાંજલી    પ્રથમ પૂણ્યતિથિ



કૈવલધામવાસી શારદાબેન ચંપકલાલ પંચોલી
તા. ૨૨-૦૬-૧૯૩૫ ♦ ૦૮-૦૧-૨૦૧૬



કૈવલધામવાસી ચંપકલાલ ખુશાલદાસ પંચોલી
તા. ૦૨-૦૫-૧૯૩૨ ♦ ૧૨-૦૩-૨૦૧૫

આપનો માયાળુ નિઃસ્વાર્થ મીલનસાર સ્વભાવ, કૌટુંબિક ભાવના,
પ્રેમ, દિર્ઘ દ્રષ્ટિ અને ધાર્મિકવૃત્તિ, આપના સમગ્ર જીવનમાં કામ પ્રત્ની કર્તવ્ય નિષ્ઠા,
તનતોડ મહેનત કરવાના આપના આદર્શ ગુણો વિસરી શકાય એમ નથી.
આપ લીલી વાડી મુકી કૈવલધામ વાસી થયા...
પરમાત્મા આપના દર્શાવિલ પથ પર પદાર્પણ કરવાની અમો સૌને શકિત અર્પે એજ પ્રાર્થના..

## અર્પણકર્તા

હરીશચંદ્ર ચંપકલાલ પંચોલી
રેખાબેન હરીશચંદ્ર પંચોલી
ચિ. ભાવિક હરીશચંદ્ર પંચોલી
નિતેશકુમાર એન. મોઢા
અલ્પા નિતેશકુમાર મોઢા
ચિ. કિઆન નિતેશકુમાર મોઢા
યુ.કે.

કૈ.વાસી ભીખુભાઈ ખુશાલદાસ પંચોલી
પરિવાર

ભરતકુમાર ચંપકલાલ પંચોલી
આનંદીબેન ભરતકુમાર પંચોલી
પલક ભરતભાઈ પંચોલી
નિરવકુમાર નરેન્દ્રકુમાર પંચોલી
નિધિ નિરવકુમાર પંચોલી
ચિ. દિઆ નિરવ પંચોલી
શ્રી ચંપકલાલ દામોદરદાસ ગાંધી
સ્નેહકુંજ કોલોની, વ્યારા.
જિ. તાપી
ફોન : ૦૨૬૨૬ - ૨૨૧૦૦૪

કનુભાઈ હિંમતલાલ પંચોલી
ચંદ્રિકાબેન કનુભાઈ પંચોલી
ચિ. પાર્થ કનુભાઈ પંચોલી
ચિરાગકુમાર વિજયકુમાર મપારા
શ્રુતિબેન ચિરાગકુમાર મપારા
ચિ. સવ્ય ચિરાગકુમાર મપારા
પાવી-જેતપુર

ગમનભાઈ ખુશાલદાસ પંચોલી
પરિવાર

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**પંચોલી નવયુગ**
**માર્ચ – ૨૦૧૯**

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

**પ્રકાશનનું સ્થળ**
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા :**
માસિક : પંચોલી નવયુગ
પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી
મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે......

દિનેશભાઈ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૩૦૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૮૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| અડધુ પેજ | ₹ ૭૫૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૮૦૦/- |
| પા પેજ | ₹ ૪૦૦/- |

(પા પેજ, અડધા પેજ અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

નવયુગ શુભેચ્છક ₹ ૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

નવયુગ શુભચિંતક ₹ ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક કિંમત** | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **૧૦૦/-** |

# તંત્રીનોંધ......

સુજ્ઞ જ્ઞાતિજનો...

કુશળ હશો.....

ઠંડી હવે પૂર્ણતાના આરે જઇ રહી છે.. અને મહાશીવરાત્રીનો પર્વ તથા હોળી-ધૂળેટી જેવા આપણા ધાર્મિક તહેવારો આવી રહ્યા છે.. હિંદુ તહેવારો દરેકને જીવનમાં કંઇકને કંઇક ઉપદેશ આપી જતા હોય છે.. મહાશીવરાત્રી એ માનવજીવનમાં તપ ની શીક્ષા આપે છે.. પારધીને હરણની પ્રચલીત વાત આપણે જાણીએ જ છીએ... જ્યારે હોળી ધુળેટી એટલે આસુરી શકિત પર દૈવીશકિતનો વિજય અને જુના વેરઝેર, મનદુઃખો અને દુશ્મની દુર કરી સંબધો સુધારીએ... એકબીજા પ્રેમ વધારીએ અને તહેવારોને આપણે આનંદથી માણીએ... જ્યારે વિવિધ કલરોમાં રંગાયને એક થઇ જઇએ...

માર્ચ મહિનાની શરૂઆત એટલે પરીક્ષાની સીઝન... બાળકોને ટેન્સન અને મમ્મી પપ્પાને એના કરતાં વધારે ટેન્સન.. આ કપરા સંજોગોમાં ધીરજ અને ધૈર્ય ધારી શાંતિથી બાળકને અભ્યાસમાં સાથ આપી પ્રોત્સાહિત કરી પરીક્ષાઓ આપવા મોકલીએ..અને બાળકો શાંતિથી અને જરાપણ ગભરાયા વગર શાંતિથી પરીક્ષા આપજો..

એસ.એસ.સી અને એચ.એસ.સી.ની પરીક્ષા એ આપણા જીવનનો પાયો છે અને એના પર આપણે આપણાં ભવિષ્યની ઇમારતો બાંધવાની છે. આપણા જીવનની કારકિર્દીની શરૂઆત થવાની છે....તો આપણે શાંતીથી પરીક્ષા આપીએ... હું તથા સમગ્ર પંચોલી આપની સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે....

અમદાવાદ નિવાસી નિરવભાઇ અરવિંદભાઇ પંચોલીની સુપુત્રી ચિ. રિદ્ધિ ખેલ મહા કુંભમાં અંડર-૧૩ વય જૂથમાં યોગાસન સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ આવ્યા છે. અને રાજ્યકક્ષાની ટીમમાં પસંદ પામ્યા છે... ચિ. રિદ્ધિની વિશેષ સિદ્ધિને અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું... કે રાજ્યકક્ષામાં પ્રથમ આવી સમાજનું, એકમનું અને માતા-પિતાનું નામ રોશન કરે.. તેમના માતા-પિતાને પણ અભિનંદન પાઠવું છું...

મુંબઇ નિવાસી શ્રી ફાગુનભાઇ કાંતિલાલ પંચોલીને ઓલ ઇન્ડિયા એવોર્ડ એક્સલન્સ ઇન ફાયનાન્સીયલ રીપોર્ટીંગ (સીલ્વર મેડલ) એફ.વાય ૨૦૧૪-૧૫નો એવોર્ડ ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટ ઓફ ઇન્ડિયા તરફથી એનાયત કરવામાં આવ્યો એ બદલ અભિનંદન...

છોટાઉદેપુર એકમના શ્રી વિઠ્ઠલભાઇ સી. પંચોલીના સુપુત્ર શ્રી ધનશ્યામભાઇને છોટાઉદેપુર જિલ્લાના બેસ્ટ B.L.O. ( બેસ્ટ

ઑફ થી)નો એવોર્ડ મળ્યો છે. અભિનંદન.

આપણે વાયબ્રન્ટ સમાજ બનાવવાનો છે... ત્યારે દિવસે દિવસે દરેક એકમો અને મહિલા મંડળો ફરી નિષ્ક્રિય બનતા જાય છે... ફક્ત બે થી ત્રણ એકમ અને મહિલા મંડળો સક્રિય છે જયારે બાકીનામાં પ્રગતિનો અણસાર પણ નથી આવતો એ આપણે નવયુગમાં આવતાં સંસ્થા સમાચારમાં જાયું હશે... વાંચ્યુ હશે..... તો દરેક એકમો મહિલા મંડળો ફરી ધમધમતા થાય.. પ્રગતિઓ અને સમાજલક્ષી કાર્યો શરૂ થાય એવી આશા રાખું છું..

સ્વર્ણિમ ફંડમાં જેમણે પાંચ વર્ષ માટે પૈસા આપવાની જવાબદારી લીધી છે તેઓ આ વર્ષના પૈસા અચૂક જમા કરાવે જેથી જરૂરીઆતમંદોને આપણે વધુ ને વધુ સહાય કરી શકીએ...

દિવસે દિવસે દિકરા દીકરીઓ માટે જીવનસાથી શોધવાનું કામ કપરું બનતું જાય છે ત્યારે નવયુગ તમારી ચિંતા ઓછી કરવા અને સપનો કી રાની અને મનનો માણીગરની માહિતીઓ લઈને મે મહિનામાં જીવનશાથી પસંદગી વિશેષાંક પ્રગટ થશે.... નવયુગમાં ફોર્મ પણ આપ્યું છે.. આપના પરણવાલાયક દિકરા દીકરીનું ફોર્મ ભરી આપેલ સમય મર્યાદામાં મોકલી આપવા વિનંતી...

હવે રહી વાત નવયુગની... સુરત, વડોદરા અને મુંબઇ... નવયુગ કવરમાં મોકલવાના પ્રયત્નો કર્યા.. પણ અમુક જ્ઞાતિજનોને પોષ્ટ દંડ થયો અને રર રૂા. ભરવા કહ્યાં... આથી કવર નો આઇડીયા પડતો મૂકયો અને ફરી આવી ગયા પોષ્ટ પર... અને પોષ્ટ ખાતુ અનિયમિત બનતુ જાય છે અને જ્ઞાતિજનો નવયુગથી વંચીત રહી જાય છે....મારે જોઇએ છીએ સેવાભાવી જ્ઞાતિજન જે પોતાના તથા આજુબાજુના એરીયામાં નવયુગ હેન્ડ ડીલીવરી પહોંચાડી શકે.... જેના નવયુગ પહોંચાડી શકતા હોય તેમના નામ જણાવશો...તો તે નવયુગ શોર્ટીંગ કરી એક જગ્યાએ મોકલી શકું... અને આ પ્રયોગમાં સફળતા મળી છે... અને નવયુગ નિયમિત તેમને મળી પણ જાય છે... તો આપ જાણ કરશો.... ફક્ત મહિનામાં એક જ વાર થોડો જ સમય ફાળવવાનો છે.... આશા રાખું છું કોઇક તો મળી જશે... જ..

અંતમાં નવયુગમાં આપના દાનની સરવાણી વહેતી કરશો... આપને ત્યાં લગ્ન પ્રસંગ હોય, બાળકનો જન્મ થયો હોય, સ્વજનનું મૃત્યુ થયું હોય, આપના બાળકો પરીક્ષામાં પાસ થયા હોય.. આપને પ્રમોશન મળ્યું હોય, નવી નોકરી મળી હોય... અથવા કોઇ પણ ખુશી નો પ્રસંગ બને નવયુગને જરૂર યાદ કરજો.... આ નવયુગ આપના સહકારથી... આપના દાનથી ૫૩ વર્ષથી અવિરત ચાલતુ રહ્યું છે...હવે એની પણ ઉંમર થઇ... જરૂર છે વિટામીન ‘એમ’ની....જ્ઞાતિજનો જરૂરથી નવયુગની ઝોળી છલકાવી દેજો.... અસ્તુ.

# પ્રમુખ નોંધ......

મનિષભાઇ એમ. પંચોલી
પ્રમુખ-શ્રી પં.સે.સ. મહામંડળ

**સુજ્ઞ જ્ઞાતિજનો**

સુજ્ઞ જ્ઞાતિજનો

સામાજિક લગ્ન પ્રસંગોની મઝા માણી, વિદ્યાર્થી મિત્રો પરીક્ષા આપવા માટેની તૈયારીમાં પડ્યા હશે. સૌ વિદ્યાર્થી મિત્રોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. આપ સૌ કોઇપણ ડર રાખ્યા વિના ખૂબ સારી રીતે પરીક્ષાઓ આપી સારા માર્કસ સાથે ઉત્તિર્ણ થાવ અને તમારા જીવન ડ્રીમ હાસલ કરો. સમાજનું નામ રોશન કરો એવી સૌને શુભેચ્છાઓ..

અમદાવાદની રિદ્ધિ નિરવકુમાર અરવિંદભાઇ પંચોલી ખેલ મહાકુંભમાં અંડર-૧૩ વય જૂથની યોગાસન સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન મેળવી રાજયકક્ષાની ટીમ માં પસંદગી પામ્યા છે. હું એમને હાર્દિક અભિનંદન આપું છું. મુંબઇ નિવાસી શ્રી ફાગુનભાઇ કાંતિલાલ પંચોલીને ઓલ ઇન્ડિયા એવોર્ડ એક્સલન્સ ઇન ફાયનાન્સીયલ રીપોર્ટીંગ (સીલ્વર મેડલ) એફ.વાય ૨૦૧૪-૧૫નો એવોર્ડ ઇન્સ્ટીટયુટ ઑફ ચાર્ટડ એકાઉન્ટ ઑફ ઈન્ડિયા તરફથી એનાયત કરવામાં આવ્યો. હું એમને અભિનંદન પાઠવું છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની વેબસાઇટ નવા રૂપ રંગ સાથે આવી રહી છે. આપણી વેબસાઇટને સુંદર રીતે અપડેટ કરવામાં આવી રહી છે. વેબસાઇટનાં અધ્યક્ષ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી તથા કો-ઓર્ડિનેટર શ્રી પ્રતિકભાઇ પંચોલીની સુંદર કામગીરીથી ટુંક જ સમયમાં સુંદર નવું નજરાણું વેબસાઇટ પર જોવા મળશે.. આ સુંદર સમાજને આપવાનું નવલુ નજરાણું માટે વેબસાઇટ ટીમ ને હાર્દિક અભિનંદન પાઠવું છું.

પરીક્ષા પૂર્ણ થતાં પરીણામ જાહેર થયેથી વાલીઓ પોતાના બાળકોને તથા વિદ્યાર્થી મિત્રો પોતે કઇ ફિલ્ડમાં પ્રવેશ મેળવવો તે માટે ચિંતિત હોય છે. હું મોટા એકમોના કાર્યકર મિત્રોને વિનંતી કરું છું. કે આપના એકમમાં એક સેમીનારનું આયોજન થાય તેમાં તમારા એકમની આજુબાજુના વાલી/વિદ્યાર્થીઓને બોલાવી સેમીનાર

યોજવામાં આવે તો સમાજને તથા વિદ્યાર્થીઓને ઘણો જ સહાયરૂપ બની શકે છે યોગ્ય આયોજન કરવા વિનંતી કરું છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ દ્વારા આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાય આપતાં આવ્યા છે. મહામંડળની ૫૦ વર્ષના ઉજવણી પ્રસંગે અને સમાજનાં તમામ નાના-મોટા ભાઈ-બહેનો નો સહકાર પ્રાપ્ત થાય અને જરૂરીઆતમંદ જ્ઞાતિજનો ને આપણે પૂરતી રકમની સહાય આપી શકીએ એ માટે 'સ્વર્ણિમ ફંડ'ની રચના કરવામાં આવી. ઘણાં મિત્રો તરફથી સારો સહકાર પ્રાપ્ત થયો છે. તમામ દાતાઓનો આભાર વ્યકત કરું છું. ઘણાં મિત્રો તરફથી હજુ સહકાર પ્રાપ્ત થયો નથી. આવા નવયુવાન મિત્રો વડિલોને વિનંતી કરું છું કે આપણે સમાજને પાંચ વર્ષ માટે રૂા. ૧,૦૦૦/-, ૨,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/-નું દાન જ આપવાનું છે. આ દાનની રકમમાંથી આપણે મેડીકલ, શૈક્ષણિક અને વિધવા સહાયમાં ૨૫ - ૨૫ % રકમ આપીએ છીએ. ૨૫% બાકી પડતી રકમ આપણે મહામંડળના સ્વર્ણિમ ફંડમાં લઇ જઇએ છીઅ. જે મિત્રો આ યોજનામાં જોડાવવા માંગે છે અને સમાજ સેવાના આ યજ્ઞમાં સેવા કરવાની તક ઝડપવા માંગે છે તેઓશ્રીએ પોતાના દાનની રકમ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ, વ્યારાના નામના સેવિંગ્સ એકાઉન્ટસ 02690100010065 IFC Code BARBO VYARAX માં જમા કરાવી મહામંત્રીશ્રી રાજેશભાઇ પંચોલીને જાણ કરશો. જેથી તમોએ જમા કરાવેલ રકમની રસીદ મોકલી શકીએ. ફરી હું તમામ જ્ઞાતિજનોને વિનંતી કરું છું કે તમો તમારા આવકની અમૂક રકમ સમાજ સેવા પાછળ ફાળવી શકો જેથી સમાજના જરૂરીઆતમંદ જ્ઞાતિજનોને આપણે મદદરૂપ થઈને તેઓનું જીવન ધોરણ ઉંચુ લાવી શકીએ..

## આપણું ગૌરવ




મુંબઇ નિવાસી શ્રી ફાગુનભાઇ કાંતિલાલ પંચોલીને ઓલ ઇન્ડિયા એવોર્ડ એકસલન્સ ઇન ફાયનાન્સીયલ રીપોર્ટીંગ (સીલ્વર મેડલ) એફ.વાય ૨૦૧૪-૧૫નો એવોર્ડ ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટ ઓફ ઇન્ડિયા તરફથી સીએ. કે રહેમાનખાન(પાલમિન્ટ, રાજ્યસભા મેમ્બર), ત્સેરીંગ ડેઝાંગ(ઓડીટર જનરલ ઓફ ભુતાન) અને મનોજ ફડનીસ(પ્રેસીડન્ટ ઓફICAI) ની હાજરીમાં એનાયત કરવામાં આવ્યો.

એવોર્ડ વિજેતા ફાગુનભાઇને ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ માટે હાર્દિક શુભેચ્છાઓ...



છોટાઉદેપુર એકમના શ્રી વિઠ્ઠલભાઇ સી. પંચોલીના સુપુત્ર શ્રી ઘનશ્યામભાઇને છોટાઉદેપુર જિલ્લાના બેસ્ટ B.L.O. ( બેસ્ટ ઓફ થી)નો એવોર્ડ મળ્યો છે. ૧૩૯ છોટાઉદેપુર, ૧૩૮ જેતપુર પાવી અને ૧૩૯ વિધાનસભા બોડેલીમાં ફસ્ટ રેન્ક આપી પ્રથમ સ્થાને પસંદગી કરવામાં આવી નેમાં માનનીય કલેકટર સાહેબ જેમુ દેવન સાહેબના વરદ હસ્તે સન્માનપત્ર આપી સન્માન



અમદાવાદ એકમના મંત્રીશ્રી નિરજભાઇ અરવિંદભાઇ પંચોલીની સુપુત્રી ચિ. રિદ્ધિ ખેલ મહાકુંભમા યોગાસનમાં અંડર-૧૩માં જિલ્લા કક્ષાએ પ્રથમ આવ્યા છે અને રાજયકક્ષાની ટીમમાં પસંદગી પામ્યા છે.

ત્રણેય સન્માનીય જ્ઞાતિજનો શ્રી ફાગુનભાઇ, શ્રી ઘનશ્યામભાઇ અને ચિ. રિદ્ધિએ એકમનું, અને સમગ્ર પંચોલી સમાજનું ગૌરવ વધાર્યુ છે... એ બદલ સમગ્ર પંચોલી સમાજ હાર્દિક શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવે છે..

## ચતુર્થ વાર્ષિક પૂણ્યતીથીએ
# હૃદયાંજલી

આટલી નાની વયે તારી મૃત્યુ સાથે દોસ્તી,
અરે પ્રભુ તમે કેમ બનાવી આટલી સસ્તી,
ભુલાશે નહીં તારી કદી પ્રેમાળ હસ્તી,
પછી ભલે પ્રભુ એ કરી હોય તારી સાથે જબરજસ્તી...
હે ! પ્રભુ અમારી તેજલના આત્માને પરમ શાંતિ આપજે
ચતુર્થ પૂણ્યતિથિએ અમારી હૃદયાંજલી

## અર્પણકર્તા

વિઠ્ઠલભાઇ છીતાલાલ પંચોલી  શર્મિષ્ઠાબેન વિઠ્ઠલભાઇ પંચોલી
ધનશ્યામ વિઠ્ઠલભાઇ પંચોલી  અલ્પાબેન ધનશ્યામભાઇ પંચોલી
દક્ષેશકુમાર વિઠ્ઠલભાઇ પંચોલી  ભાવિકાબેન દક્ષેશકુમાર પંચોલી
ચિ. હર્ષિત દક્ષેશકુમાર પંચોલી
શ્યામકુમાર સી. પંચોલી  ભાવિકાબેન એસ. પંચોલી
ચિ. નિધિ - મલ્હાર - નિધિર્શ

૨૮/૭, G.N.F.C. ટાઉનશીપ,
પો. નર્મદાનગર, ભરૂચ ૩૯૨ ૦૧૫  મો. ૯૮૯૮૭ ૫૪૫૫૦



**સ્વ. અ.સૌ. ડો. તેજલબેન દક્ષેશકુમાર પંચોલી**
જન્મ તા. ૨૬.૪.૧૯૮૩, દેહાવસાન : ૩૦.૩.૨૦૧૨

# શુભેચ્છા – અભિનંદન

૨૬ જાન્યુ. અમદાવાદની સુપ્રસિદ્ધ 'વસંત નેચર કયોર હોસ્પિટલ' ખાતે ધ્વજવંદન સુપ્રસિદ્ધ ચિત્રકાર જય પંચોલીના વરદ હસ્તે થયું...

૨૬ જાન્યુ. ગુજરાત વિઝયુઅલ આર્ટિસ્ટ એસોસીયેનના ઉપક્રમે સાંજે ૫ કલાકે એલિસબ્રિજ ખાતે 'સર્જન જયોત ઉત્સવ-૯(૨૦૧૬)નું સંચાલન સુપ્રસિદ્ધ ચિત્રકાર જય પંચોલીએ કર્યુ.

૩ જાન્યુ. શનિવારે સાંજે ૫ કલાકે હિન્દુસ્તાન પેટ્રોલિયમ યોજીત તત્કાળ ચિત્રસ્પર્ધા 'કન્ઝર્વ ફયુઅલ એન્ડ પ્રોટેકટ હેલ્થ એન્ડ એનવાયરમેન્ટ' ના નિર્ણાયક તથા મુખ્ય મહેમાન સુપ્રસિદ્ધ ચિત્રકાર જય પંચોલી રહ્યા..

સુશ્રી પ્રેમીલા જે. પંચોલી
નિરજ જે. પંચોલી રૂપલ એન. પંચોલી  મનન જે. પંચોલી  પલક એમ. પંચોલી
નિસર્ગ  કહાન




જય કોમ્યુનિકેશન ડિજીટલ ગ્રાફિક ડિઝાઇન યુનિટ
'નીરજ' ૫, હેમધ્રુવ સોસાયટી, કાલુપુર બેંક સામે, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
ફોન : ૦૭૯ - ૨૬૬૧૪૬૭૮ મોબાઇલ : ૯૮૨૪૦ ૯૩૩૪૭

## કેન્સર વિશેષાંક

એપ્રિલ-૨૦૧૬નો પંચોલી નવયુગનો અંક કેન્સર વિશેષાંક તરીકે પ્રકાશીત થશે... કેન્સર વિશેના લેખો, અનુભવો મોકલવા જ્ઞાતિજનોને વિનંતી.... આપના લેખો કે માહિતી **તા. ૨૫ માર્ચ-૨૦૧૬** સુધીમાં મોકલવા વિનંતી...

## જીવનસાથી પસંદગી વિશેષાંક

મે-૨૦૧૬નો પંચોલી નવયુગનો અંક જીવનસાથી પસંદથી વિશેષાંક તરીકે પ્રકાશીત થશે... નવયુગમાં આપેલ ફોર્મ વિગતવાર ભરી ફોટા સાથે **તા. ૨૦ એપ્રિલ-૨૦૧૬ સુધીમાં તંત્રીશ્રીને મોકલવા...** આપની વિગતો આપણી વેબસાઇટ પર પણ મુકવામાં આવશે જેની સૌએ નોંધ લેવી..

# ॥ માતૃ દેવો ભવ ॥

# પ્રથમ પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલી



**સ્વ. મીનાક્ષીબેન ઉમંગરાય પંચોલી**

**જન્મ તા. : ૫-૬.૧૯૨૮**

**સ્વર્ગવાસ : સંવત ૨૦૭૧ના ફાગણસુદ ત્રીજ ને શનીવાર ૨૧.૨.૨૦૧૫**

અમારું સમૃદ્ધિમય જીવન, આપના આશીર્વાદ તથા અથાગ મહેનતને કારણે જ છે.
તમારું ઋણ કદાપિ ઉતારી શકાય તેમ નથી.
અમારા અહોભાગ્ય કે આપના જેવા માતૃશ્રી મળ્યા,
ભવોભવ તમે આ સ્વરૂપે અમને મળો એવી અભ્યર્થના..
ભગવાન તમારા દિવ્ય આત્માને પરમ્ શાંતિ અર્પે તેવી
અંતઃકરણથી પ્રાર્થના....

## અર્પણકર્તા

**હર્ષિદા**
**ડૉ. પદમા પંચોલી**
**રવીન્દ્ર પંચોલી**

**ધૈર્ય**
**શોભના પંચોલી**
**કનૈયાલાલ પંચોલી**

**અરવિંદકાકા તેમજ શોભનાકાકી**
**તથા**
**સ્વ. છીતાભાઈ હરીભાઈ પંચોલી સમગ્ર પરિવાર**

નવયુગ શુભચિંતક શ્રી ભોગીલાલ ગુલાબદાસ મહેતા મુંબઈ સ્વ. જયંતિલાલ ગુલાબદાસ પંચોલી મુંબઈ

# કુશળ ગૃહિણી

પલ્લવીબેન જે. મિસ્ત્રી
અમદાવાદ

- હે એ એ એ એ મિતા, જો જો ચા ઊભરાઈ જશે.

- નહીં ઊભરાઈ જાય, મિતેષ, ડોન્ટ વરી.

- અરે ! આ તો ખરેખર નહિ ઊભરાઈ, એવુ શી રીતે બન્યું?

- મેં ચાને નહીં ઊભરાવાનું કહી રાખ્યું હતું.

- અમને કહી રાખે છે એ પ્રકારનું?

- એટલે?

- એટલે એમ જ કે – 'જો ઊભરાઈ છે તો તારી ખેર નથી.'

- હા. એવું જ કંઈ. બોલો, હવે બીજુ કંઈ પૂછવું છે તમારે મને?

હા.

- શું?

- એ જ કે –હું જ્યારે ચા બનાવું છું ત્યારે - 'કદાચ નહીં ઊભરાય' એવું લાગે છે, છતાંય ચા ઊભરાઈ જાય છે. જ્યારે તું ચા બનાવે છે ત્યારે - 'હમણાં ઊભરાઈ જશે' એવું લાગે છે, છતાંય ચા નથી ઊભરાતી, એનું કારણ શું છે?

- એ જ તો છે ને અમારા ગૃહિણીના હાથોની કમાલ.

- હં, કમાલ બમાલ કશું નહિ, મને તો વાતમાં જ કંઈ માલ નથી લાગતો.

- અચ્છા? તો પછી પૂછો છો શા માટે?

- જાણવાની જિજ્ઞાસા થઈ એટલે પૂછ્યું.

- તો પછી જિજ્ઞાસુ ની જેમ પૂછો ને, બૉસની જેમ શું કામ પૂછો છો?

- ભલે હે રસોડાની રાણી ! કૃપા કરીને અમને ચા ઊભરાવા અને નહીં ઊભરાવા વિશે કશું કહો.

- હે રસોડા સિવાયના ઘરના રાજા ! સાંભળો, ચાના ઊભરાવા કે નહીં ઊભરાવા પાછળ અનેક ફેક્ટર્સ - એટલે કે તત્વો જવાબદાર છે. ચાની ક્વોન્ટીટીના પ્રમાણમાં તપેલી નાની હોય તો ચા ઊભરાઈ જાય, ગેસની જ્યોત જોઈએ તે કરતાં વધુ પ્રમાણમાં પ્રજ્વલિત હોય તો પણ ચા ઉભરાઈ જાય, દૂધ અને પાણીના સમભાગ મિશ્રણના બદલે દૂધનું પ્રમાણ વધુ હોય તો પણ ચા ઉભરાઈ જાય અથવા તો દૂધ વધુ ફેટનું હોય તો પણ ચા ઉભરાઈ જાય, સમજ્યાં?

- ઓહોહોહો ! મને લાગે છે કે ચાની બાબતમાં જો તું થોડુંક વધુ સંશોધન કરે અને થીસીસ લખે તો તને પીએચડી.ની ડિગ્રી મળે.

- મને પીએચડી. ની ડિગ્રી કરતા 'કુશળ ગૃહિણી' ની ડિગ્રી મળે તો વધુ આનંદ થાય.

- એ ડિગ્રી તો તને મળેલી જ છે ને?

- ક્યારે? કોણે આપી?

- નથી આપી? તો આજે જ અને અત્યારે જ, હું અને આપણા બન્ને બાળકો સર્વાનુમતે તને 'કુશળ ગૃહિણી' જાહેર કરીએ છીએ.

- આભાર તમારો સૌનો ! મોડે મોડેથી પણ તમે લોકોએ એક કુશળ ગૃહિણીને ઓળખી અને એની કદર કરી ખરી.

- મને લાગે છે કે અમે તારી કદર કરવામાં મોડા પડ્યા છીએ. પણ **Late is better than never.** તારી કુશળતાની કદર કરીએ છીએ. તું જ્યારે બહારગામ જાય છે ત્યારે ઘર ઘણું જ અવ્યવસ્થિત થઈ જાય છે. જ્યાં ત્યાં ધૂળના થર જામી જાય છે, નહિ જોઈતી ચીજો વારંવાર મળી આવે છે અને જોઈતી ચીજો વારંવાર શોધવા છતાં મળતી નથી.

- તે ક્યાંથી મળે? હું તમને લોકોને વારંવાર કહું છું કે તમારી દરેક ચીજોને એના ઠેકાણે મૂકો, પણ તમે લોકો સાંભળો તો ને. મારી વાતને એક કાનેથી સાંભળી બીજા કાનેથી બહાર કાઢી નાંખો છો.

- શું થાય? ભગવાને બે કાન જો સામસામે આપ્યા છે.

- તે અમને ગૃહિણીને પણ બે કાન સામસામે નથી આપ્યા શું?

- આપ્યા તો છે, પણ તમને બહેનોને શું કે તમારા બે કાનની વચ્ચે મોં આપ્યું છે ને, તે વારંવાર ખોલ ખોલ કરો છો, એટલે કાનેથી સાંભળેલી વાતો મોં વાટેથી બહાર નીકળી જાય છે.

- એટલે તમે શું અમને ચુગલીખોર કહો છો?

- હોવ તો પણ મારાથી એવું કેમ કહેવાય?

- રહેવા દો રહેવા દો હવે, તમે પુરુષો કેવા અને કેટલા 'મીંઢા' હોવ છો તેની અમને બધી બરાબર ખબર હોય છે. પણ તમે લોકો ભલેને અમારાથી ગમે તેટલી વાતો છુપાવો અમને ક્યાંક અને ક્યાંકથી ખબર તો પડી જ જાય છે. લાખ છુપાવો છુપ ના શકેગા રાઝ યે ઈતના ગહેરા...

- અચ્છા ! તો તમારા જાસૂસો બહુ પાવરફુલ હોય છે નહિ?

- અમારી સ્ત્રીઓની તો સિક્સ્થસેન્સ જ એટલી પાવરફુલ હોય કે અમને જાસૂસોની જરૂર જ ન પડે.

- એવો તમને લોકો ને ભ્રમ હોય છે.

- ભ્રમ શાનો? તમારા ફ્રેન્ડ રમેશભાઈ માટે મેં નહોતું કહ્યું કે 'આ માણસ મને બરાબર નથી લાગતો' છતાં ય તમે મારી વાત ન માની અને એની સાથે પાર્ટનરશીપમાં બીઝનેસ કર્યો અને પછી...

- હશે, જવા દે વાત.

- ઓકે. જવા દો. પણ આ બૂટ-મોજાં કેમ રસ્તામાં નાંખ્યા છે?

- રસ્તામાં ક્યાં છે, ઘરમાં જ તો છે.

- અને આ ન્યૂઝપેપર્સ કેવા ફેલાવીને રાખ્યા છે.

- એ મારે હજી વાંચવાના બાકી છે, તું પાછી અંદર કબાટમાં ન મૂકી દેતી.

- અને આ ઇસ્ત્રી થઈને આવેલાં પેન્ટ-શર્ટ પણ કબાટમાં નથી મૂક્યા. હે ભગવાન ! થાકી હું તો તમારા લોકોથી.

- આ બધા કામો અમે કરી લઈશું તો પછી તું શું કરીશ, પ્રિયે?

- હું જઈશ ને બહાર, ફરવા અને નોકરી કરવા.

- અત્યારે તું ફક્ત ઘરની વ્યવસ્થા જાળવવામાં જ થાકી જાય છે, તો પછી તારાથી નોકરી અને ઘર, બન્ને કેવી રીતે સંભાળાશે?

- કેમ, ઘર તો પછી તમે લોકો સંભાળશો ને?

- એમાં એવું છે ને મિતા, કે તારો હાથ ફરે છે અને ઘર, ઘર જેવું બની જાય છે.

- અને તમારા ત્રણેના હાથ ફરે છે અને ઘર, ધરમશાળા જેવું બની જાય છે.

- એટલે જ તો કહું છું ને કે – 'ગૃહિણી ગૃહમ ઉચ્યતે' ઘર તો તારા જેવી કુશળ ગૃહિણી થી જ દીપી ઊઠે છે.

## એક વાર જાવું હરીના ધામમાં



ગણદેવી નિવાસી પુષ્પાબેન અમૃતલાલ મિસ્ત્રી તા. ૧૮.૨.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૬૮



બીલીમોરા નિવાસી ચંદ્રકાંતભાઇ મગનલાલ મિસ્ત્રી તા. ૨૪.૧.૨૦૧૫ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૭૩



બોરીયા (હાલ વડોદરા) નિવાસી પનસલાલ ચીમનલાલ પંચોલી તા. ૧૦.૨.૨૦૧૬ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. : ૬૬

દિવંગત આત્માને પ્રભુ શાંતિ અર્પે તથા એમના સ્વજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની પ્રભુ શકિત આપે.. એજ પ્રાર્થના...

# અભિનવ પૂર્તિ

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી
અંકલેશ્વર -મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

## થીજેલા આંસુ

નમણી સંધ્યા ખીલી હતી. દિવાળીને લીધે સમગ્ર શહેરની રોશની જોવા ટાવર પાસે ગયા. ઉપર ચઢવા લાંબી લાઇન હતી. અમે જઇને લાઇનમાં ઉભા રહ્યાં નાનકડી સુહાસીને મેં તેડી હતી.

હમારી પાછળ એક કદરૂપા ચહેરાવાળો ડોસો ઉભો હતો. સુહાની સામે જોઇ એણે સ્મિત કર્યુ. ચોકલેટ ધરી - હાથ લંબાવ્યો, એટલે સુહાની તરત એમની પાસે ગઇ, થોડીવારમાં ડોસાનું નાક દડદડવા લાગ્યું. સુહાની તાળીઓ પાડી હસવા લાગી અને બોલી 'દાદા ગંદા, દાદા ગંદા.'

મારા શ્રીમતીએ મોં મચકોડ્યું અને મને ઇશારો કર્યો કે આવા ગંદા ડોસા પાસેથી સુહાની ને લઇ લો. મે કહ્યું ' કાકા, તમને શરદી થઇ લાગે છે લાવો સુહાનીને હું તેડી લઉં.

તેણે શાંતિથી કહ્યું 'નારે ના મને શરદી નથી થઇ... છોને મારી સાથે રમતી... પછી તેણે પુછ્યું દીકરી તારું નામ શું ? 'સુહાની'.

કેટલું સુંદર નામ છે.. તને વાર્તા સાંભળવી ગમે ? સુહાની તો તાળી પાડતા નાચી ઉઠી અને બોલી ' હા હા દાદા સિંહ અને ગુલામની વાર્તા કહો..' દાદા એ કહ્યું ' એ તો મને નથી આવડતી'

તો મને પરી અને રાજકુમારની વાર્તા કહો.' ઓકે 'બેટા એને બદલે તને સાચી વાર્તા કહું... તો દાદા બધી વાર્તા ખોટી હોય છે ? નહી બેટા એ પણ સાચી પણ આજે તને હું તદ્દન સાચી વાર્તા કહીશ...

આપણા શહેરમાં એક ડ્રાયવર સ્કુલની બસ ચલાવતો હતો. રોજ ઘણી બધી છોકરીને બસમાં બેસાડી સ્કુલે લઇ જાય અને સ્કૂલ છુટે એટલે બધી છોકરીઓને ઘરે મુકી આવે...

એક દિવસ હોળી હતી.. બધી છોકરીઓ બસમાં ગીતો ગાતી આનંદ કિલ્લોલ કરતી હતી.. તેવામાં એક મોટું ટેન્કર બસ સાથે અથડાયું. ટેન્કરનો ડ્રાયવર પીધેલો હતો. બસને જોરથી ધડકો વાગ્યો, ટેન્કરમાં પેટ્રોલ હોવાથી આગ ભભૂકી ઉઠી. બસ પણ સળગવા લાગી. ચીસા ચીસ અને રડારોડ થઇ ગઇ. બસના ડ્રાયવરને હાથે પગે વાગ્યું હોવા છતાં તેની પરવા કર્યા વગર ધુમાડા અને આગની વચ્ચે એક પછી એક છોકરીઓને બારીની બહાર કાઢવા માંડી પણ...

પણ શું ? મારાથી પુછાય ગયું.. માત્ર સુહાનીને જ નહી પણ અમને પણ વાર્તા માં રસ પડવા માંડ્યો હતો.. પણ છેલ્લી છોકરીને બહાર કાઢતા તે બસમાં પડી ગયો. ધુમાડાથી ગુગળાય ગયો અને છોકરી સાથે જ આગમાં ફસડાય પડ્યો. અને ભાન આવ્યું ત્યારે સીવીલ હોસ્પિટલમાં હતો આખા શરીરે દાઝી ગયો હતો..

સુહાનીએ રડમસ અવાજે પુછ્યું 'દાદા પેલી છોકરીનું શું થયું ?' એ બીચારી મરી ગઇ અને ડ્રાયવર બચી ગયો. એમજ ને ? ડોસો નીસાસો નાંખી બોલ્યો '૬ મહિના સુધી રાત દિવસની સારવાર કરી ડોકટરોએ તેને બચાવી લીધો..

મને એકદમ ઝબકારો થયો મેં પુછી પાડ્યું 'કાકા એ પરગજુ ડ્રાયવર તમે જ છો ???

'હા ભાઇ હા, હું જ એ કમનસીબ ડ્રાયવર છું.. પ્લાસ્ટીક સર્જરી કરી મોઢુ તો સારું કર્યુ છે પણ નાક બનાવટી છે અને તે દડદડ્યા જ કરે છે... મને તેની ખબર નથી પડતી.

ઘણી વાર તે મુંગો થઇ ગયો પછી ધીરે ધીરે બોલ્યો ' એ છેલ્લી બાળકી મારી દીકરી 'સ્વાતિ' હતી. નાની બાળકીઓને જોઉં ત્યારે મને મારી દીકરી 'સ્વાતિની યાદ આવી જાય છે..' પછી સુહાનીને વ્હાલ કરીને મને પાછી સોંપી..

તેમ કરતાં કરતાં તેનું નાક દડદડી પડ્યું. કદાચ એના થીજેલાં આસું આજ રીતે દડદડતાં હશે....

સંકલન 'વીણેલા ફુલ'

આ વિભાગમાં આપને શું ગમ્યુ ? અને શું ન ગમ્યું ?
what's up પર આપના અભિપ્રાય જણાવશો...
નંબર : 98252 82789
ડૉ. મહેશ મિસ્ત્રી

# ઓ સાથી રે... તેરે બીના ભી કયા જીના...

લોકો કહે છે એકલા આવ્યા અનેએકલા જવાનું, શું લઇ આવ્યા ને શું લઇ જવાનું..? આ વાત તદ્દન સાચી છે. પરંતુ મહત્વની વાત એ છે કે એકલા આવ્યા અને એકલા જવાનું એ ખરૂં, પરંતુ એકલા જીવવાનું શકય છે ?

જીવનસાથી વિના જીવન પસાર કરવું કેટલું મુશ્કેલ છે? જનાર વ્યકિત આમ તો કશું લઇ જતી નથી અને છતાં આપણું સર્વસ્વ લઇ જાય છે. આથી જીવનસાથીની કદર કરતાં શીખો તેની અવગણના કે અવહેલના કદી ના કરશો. જીવનસાથી માંથી જીવ નીકળી જાય પછી કશામાં જીવ લાગતો નથી.

ઘરમાં બેઠા હોઇએ ત્યારે ઘડીકમાં તેના અવાજનો રણકો કાનમાં સંભળાય છે, યાદો દિલમાં ગુંજી ઉઠે છે. ખાલી મકાનમાં પડઘા પડતા હોય એમ લાગે છે. ખાવાના મેજ પર તેની ભાવતી વાનગી જોઇને આંખની પાપણ આપોઆપ ભીની થઇ જાય છે. બહાર નીકળતા એની એજ દુનિયા અને એના એજ લોકો અજાણ્યા લાગવા માંડે છે.

માટે કહું છું કે આજથી અને અત્યારથી જ તમારા જીવનસાથીની કદર કરતાં શીખો. આજથી તમારી પ્રિય વ્યકિતને અસીમ પ્રેમ આપવાનું શરૂ કરી દેજો.

તમારી પ્રિય વ્યકિતને દિલથી જણાવો કે તું છે તો આ બધું છે કારણ કે તું છે તો હું છું તુ ન હોલ તો સાવ એકાકી..તારા વગર આખું જગત સુનું. જે આજે પ્રેમ નથી કરી શકતો તે પાછળથી પસ્તાય છે. ચાલી ગયેલી આજ કયારેય પાછી નથી આવતી અને અને ચાલી ગયેલી વ્યકિત પણ... Apply equally to all - Husband and wife

'ગુજરાત દર્પણ'માંથી સાભાર..

# વિનોદ ભટ્ટની વિનોદ કથા..

સાભાર : વિનોદ કથા-વિનોદ ભટ્ટ

## બાપુ આ તમારી લાકડી

એ મિત્રે મને દ્રાવણની શીશી આપતાં જણાવ્યું : ' આ ચમત્કારી પ્રવાહી છે, એનું નામ સંજીવની. કોઇ જડ પદાર્થ પર તું એના થોડાક ટીપાં રેડે એટલે એ પદાર્થમાં ચેતન આવી જાય. કોઇ સ્ટેચ્યુના ડાબા કાનમાં ત્રણ જ ટીપાં નાખીશ એ સ્ટેચ્યુમાં પ્રાણ આવી જશે..'

'આ પ્રવાહીનો પ્રયોગ કોના પર કરું ? મન વિચારમાં પડી ગયું. અમદાવાદના આશ્રમરોડ પર ઇન્કમટેક્ષ ટ્રાફિક સર્કલ પાસે લાકડી લઇને ઉભેલા ગાંધીજી પર કર્યો હોય તો ?

ને ડ્રોપર વડે તેમના ડાબા કાનમાં મે ત્રણ ટીપાં નાંખ્યા. ત્યાં જ એ પ્રવાહીના ચમત્કારથી ગાંધીબાપુનાં બાવલામાં જીવ આવ્યો.

વર્ષોથી એક જ પોઝીશનમાં ઉભા રહેવાને કારણે અકળાઇ ગયેલું શરીર છૂટું કરતાં તેમણે આળસ મરડી. હાથ લાંબા ટુંકા કરવા જતાં તેમનાં હાથમાની લાકડી નીચે પડી ગઇ.

એ લાકડી ઉંચકી તેમના હાથમાં મુકતાં મે કહ્યું : 'બાપુ, લો આ તમારી લાકડી'

હવે લાકડી નહીં, મશીનગન લાવ.... હવે લાકડી નહીં ચાલે...બાપુ સખ્ત અવાજે બોલ્યા.

## મારો.... કાપો....

અને ગાંધીરોડ પર મેં દોડવા માંડ્યું. સામેથી એક ટોળું મારો... કાપો..' નો નારો લગાવતું આવતું હતું. પાછળથી પણ એક ટોળું આવતું હતું. ટોળાની આંખોમાં ખુન્નસ હતું. ને મારા શ્વાસમાં ગભરાટ હતો. ગભરાવાના કારણે દોડતો હું સામેથી આવતા એક ડોસા સાથે ભટકાઇ પડ્યો. ડોસો પડતો માંડ માંડ બચ્યો. મેં તેનો હાથ પકડી લીધો. 'કેમ દોડા દોડ કરે છે ?' ડોસાએ મારી સામે બોખા દાંતે સ્મીત કરતાં પૂછ્યું.

આ માણસ અમદાવાદના વાતાવરણથી અજાણ્યો લાગ્યો. મેં તેને કહ્યું 'મુરબ્બી દોડો, અહીં તો કોમી તોફાન ફાટી નીકળ્યું છે. પોલીસે ગોળીબાર પણ શરૂ કરી દીધો છે. ભાગો, નહીં તો વિંધાય જશો. અને મેં દોડવા માંડ્યું. મારું શર્ટ પકડતા ડોસાએ કહ્યું 'મારી ફિકર છોડ, હવે મને કોઇ જ ઠાર નહીં કરી શકે, એક વાર થઇ ગયું એ થઇ ગયું. હવે તો કોઇ ગોળી મને વીંધી શકે નહીં હવે હું તો બુલેટ પ્રુફ થઇ ગયો છું.

મે ડોસા સામે જોયું 'અરે.. આતો ગાંધીબાપુ ? ધોરે બોલ કહી બાપુએ મોઢા પર હાથ મુકી દીધો. એટલામાં જ ત્યાંથી એક પોલીસવાન ત્યાંથી પસાર થઇ ગઇ. બાપુએ ધીમા અવાજે મારી પાસે જાણવા માંગ્યું 'આપણે ઉભા છીએ એ રસ્તાનું નામ શું છે ? મેં તેમને માહિતી આપી આપણે બાપુ ગાંધીમાર્ગ પર ઉભા છીએ....'' ને ત્યાંથી એક ટોળું 'મારો... કાપો...' બૂમ પાડતું પસાર થઇ ગયું. બાપુએ ટોળા સામે આંગળસ ચીંધતાં મને પૂછ્યું ' તો આ લોકો ગાંધી માર્ગ પર જઇ રહ્યા છે ?...

# અધુરી કહાની......

જીવનની ઢળતી સંધ્યાએ દોલતભાઇ જીવનસંગીની સવિતા અને પુત્ર અને પુત્રવધુ તથા બે પૌત્રો સાથે નાના ભાડાનાં ઘરમાં અજંપાભર્યુ જીવન જીવતા હતા. આજે ઉંઘ આવતી ન હતી. પડખાં ફેરવી થાકયા એટલે બાથરૂમ તરફ ગયા. પણ પગ થંભી ગયા.

બેડરૂમમાં પુત્ર રોનક તથા પુત્રવધુ રશ્મી ના ગુસ્સા ભર્યા સંવાદ સંભળાયા. રશ્મિ કહે : ' હું તો કંટાળી ગઇ છું. કાયમની કચકચથી, આખો દિવસ વૈતરું કરવાનું, મારા પણ કંઇ અરમાન હોય કે નહી ?

રોનક કહે : 'થોડી ધીરજ રાખ, બધુ સારું થઇ જશે..' રશ્મિ કહે : 'ના હવે હું આ ઘરમાં એક પણ દિવસ રહેવા માંગતી નથી... કયાં હું નહી... કયાં આ ડોસા ડોસી નહીં... મુકી આવો ઘરડાં ઘરમાં..

રોનક કહે એ કેવી રીતે બને ? કેટલી તકલીફ ભોગવીને તેમણે મને મોટો કર્યો.... ભણાવ્યો.. ગણાવ્યો..અને પરણાવ્યો.. અને.....

દોલતભાઇ વધુ સાંભળી ન શકયા.. તરત જ પત્નીને ઉઠાડી અને કહ્યું.. આપણે હવે સત્વરે આપણા પુત્ર રોનકની જિંદગીમાંથી હટી જવું જોઇએ.. તુ તરત કપડાંની બેગ તૈયાર કર થોડા ઘરેણાં અને પૈસા છે તે લઇ લે.. સવારે ૫ વાગે દેહરાદૂન એકસપ્રેસમાં બેસી જઇએ.. તારી હરીદ્વારની જાત્રા કરવાની મનોકામના હતી તે પુરી થશે... ગંગામાની આરતી કરીશું અને આપણે સાથે ગંગામાંની ગોદમાં સમાઇ જઇશું..

સવારે રોનક ઉઠયો... ઘર સુમસામ હતું.. ઘરના બારણાં ખુલ્લા હતાં. બધે શોધી વળ્યો પણ નિરાશા.. અંતે ચીસ પાડી ઉઠયો... પપ્પા... મમ્મી... અને ફસડાય પડયો... પછી આગળ...

## પ્રથમ વિજેતા : ગંગા સંગમ

સવારે રશ્મિ એ ફસડાઇ પડેલા રોનકને સંભાળ્યો અને બન્ને મમ્મી પપ્પાને શોધવા તૈયાર થયા. શેરીના દુધવાલા પાસે જાણકારી મળી કે બંને સવારે થેલા સાથે રીક્ષામાં રેલ્વે સ્ટેશન તરફ ગયા છે.

નાનુ શહેર હોવાથી મમ્મી પપ્પાના ફોટા સાથે કુલી પાસેથી વિગત મેળવવામાં સફળ રહ્યા કે તેઓ દહેરાદુન એક્ષપ્રેસ દ્વારા હરિદ્વાર જવા નિકળ્યા છે. હરિદ્વાર જવાની બીજી ટ્રેન અડધા કલાક પછી હતી. રોનક અને રશ્મિએ ચિંતા કરતાં ટ્રેન પકડી સીધા ગંગા ઘાટ પહોંચ્યા. ત્યારે સાંજના ૬ વાગ્યા હતાં. આરતી શરૂ થવાની કલાકની વાર હતી રીશ્મ અને રોનક બન્ને જુદી જુદી દિશામાં મમ્મીને શોધી રહ્યાં. ત્યાં રોનકની આંખો ઘાટ પર બેઠેલા બે વૃદ્ધોની લાચાર અને અશ્રુભરી આંખો સાથે એક થઇ. દોલતભાઇ અને સવિતાબેનના મુખ પર આછુ હાસ્ય આવીને વિલીન થઇ ગયું જયારે એમની નજર રશ્મિ પર પડી.

આમ અચાનક કેમ અહી ? રોનકના પ્રશ્ન સામે દોલતભાઇએ ઉત્તર આપ્યો, દિકરા અમારી જિંદગી તો પુરી થઇ. હવે તમારી જિંદગી ખરાબ નથી કરવી. રશ્મિએ કહ્યું તમે તો અમારી જિંદગી ખરાબ નથી કરતા પણ સુધારો છો.

પ્રશ્નાર્થ ભાવે દોલતભાઇએ રાતના વૃદ્ધાશ્રમના સંવાદ વિશે પુછ્યું.. રોનકે હસતાં હસતા કહ્યું અરે પપ્પા તમારા લાડલા રીશીની શાળામાં ગ્રાન્ડ પેરન્ટસ ડેની ઉજવણી છે તેમાં અમારે નાટક કરવાનો છે. તેના આ સંવાદો હતાં. વહેતી ગંગા સાથે ચાર આંખો પણ વહેતી હતી... અને પવિત્ર ગંગામૈયાની મહાઆરતીનો પ્રારંભ થયો..

**શ્વેતા હેમંતભાઇ મિસ્ત્રી-સુરત**

## દ્વિતીય વિજેતા : મા-બાપની સેવા એજ પ્રભુ સેવા

રોનક સ્વસ્થ થઇને પત્ની રશ્મિને સમજાવી માતા-પિતાને શોધવા નીકળ્યો.. માતા-પિતા ધાર્મિક પ્રકૃતિના હોય કોઇક યાત્રાસ્થળે જ ગયા હશે એમ માની હરિદ્વાર જવાનું નકકી કર્યુ. દરેક મંદિરો અને ધર્મશાળામાં તપાસ કરતાં ના મળ્યા. અંતે ગંગામાની મહાઆરતી ચાલતી હોય ત્યાં તપાસ કરવાનું વિચારી ત્યાં શોધવા લાગ્યો...આરતી પુરી થઇ તેથી કિનારે કિનારે શોધતા શોધતા અચાનક નજર પડી પિતાશ્રી દોલતભાઇ અને માતાશ્રી સવિતાબેન પર.. ગંગા કિનારે આત્મવિલોપનની તૈયારી કરતા હતાં..

દૂરથી મોટેથી પિતાજીને સાદ પાડયો અને દોડીને બન્નેને પકડી લીધા.. બચાવી લીધા.. તેમના ચરણોમાં પડી અને રડીને ખૂબ ખૂબ કરગરવા લાગ્યો. તમે અમારો તથા નાના પૌત્રોનો તો વિચાર કરવો હતો.. ખૂબ જ સાચા હૃદયથી કરગરીને સમજાવ્યા અને ઘરે આવ્યા.. પત્નીને પણ તેની ભુલ સમજાય અને જયાં સુધી જીવ્યા ત્યાં સુધી માત-પિતાને પ્રભુ સમજી ખૂબ સેવા કરી...એઓના આત્માને તૃપ્ત કર્યા... એમના અંતરના આશિષથી તેઓ ખૂબ જ સુખ સંપન્ન થયા...

**હરીશ ભગવાનદાસ મિસ્ત્રી-બારડોલી**

# અધુરી કહાનીના અંશો.....

## હવે ક્યાં જઈશું ?

સવારે માતા-પિતાને ન જોતા રોનક દુઃખ અનુભવે છે. રશ્મિ ડોસા-ડોસીના જવાથી હાશ અનુભવે છે.. દહેરાદુન એક્સપ્રેસમાં દોલતભાઇ પત્ની સાથે ચાની ચુશ્કીઓ લેતા હતાં ત્યાં અચાનક ધડાકો... અકસ્માત ભાગમ ભાગ દોલતભાઇ પત્નીનો હાથ પંપાળતા બોલ્યા.. આનું નામ નસીબ... હવે કયાં જઇશું ????

જય પંચોલી-અમદાવાદ

## એક મોકો આપો...

સવારે માતા-પિતાને ન જોતા રોનકનો ક્રોધ ભભૂકી ઉઠ્યો. પતિ-પત્નિ વચ્ચે બોલાચાલી.. રોનક બાઇકની ચાવી લઇ ઘરની બહાર નીકળ્યો... જે ઘરમાં માતા-પિતાનું સ્થાન નહી ત્યાં મારે રહેવું નથી.. રશ્મિને પોતાની ભુલ સમજાય.. પતિની માફી માંગી માતા-પિતાને શોધી લાવવા કહ્યું... અને સુધરવાનો મને એક મોકો આપો...

પલ્લવી જે. મિસ્ત્રી-અમદાવાદ

## આગોતરૂ આયોજન...

દહેરાદુન એક્સપ્રેસમાં દોલતભાઇને ભુતપૂર્વ વિદ્યાથી મળ્યો. જે LICનો ઓફિસર હતો. લેપટોપ પર સર્ચ કરતા. દોલતભાઇની પોલીસીની માહિતી મળી.. જેમાં તેમને દર મહિને રૂા. ૧૦ હજાર મળવાના હતાં. આથી ફોન કરી રોનકને કહ્યું અમારી ચિંતા કરીશ નહીં... અમે અમારી રીતે જિંદગી જીવી લેશું...

શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી-બીલીમોરા

## પિતાનો પત્ર

રોનક સવારે ઉઠ્યો ત્યારે પિતાશ્રીનો પત્ર મળ્યો. માતા-પિતા બન્નેએ રોનક - રશ્મિ તથા પૌત્ર આશીર્વાદ વરસાવ્યા હતાં. અને અમને શોધીશ નહીં એમ જણાવ્યું... રોનકને યાદ આવ્યું મમ્મીની હરીદ્વાર જવાની ખૂબ ઇચ્છા હતી આથી તે હરીદ્વાર શોધવા ગયો. મમ્મી-પપ્પાને શોધી કાડ્યા અને હૃદયપૂર્વક માફી માંગી. ઘરે પરત આવ્યા.. અને સૌ આનંદથી રહેવા લાગ્યા...

માનસી નિલેશકુમાર પંચોલી-અંકલેશ્વર

નોંધ : અધુરી કહાનીમાં જ્ઞાતિજનો રસ લઇ રહ્યાં છે આનંદની વાત છે...
વધુ જ્ઞાતિજનો રસ લે એવી આશા રાખું છું...

# અભિનવ પૂર્તિ વિશેના અભિપ્રાયો...

'હું તો તેને જાણું છું ને' વાર્તા હૃદયસ્પર્શી રહી..બીમાર પત્નિને પ્રેમ કરનાર અદ્દભુત વ્યકિત..., બીજા લેખો પણ સુંદર અને મનભાવન....

નિર્મળાબેન જીતેનદ્રભાઇ આરીવાલા-સુરત

અભિનય પૂતિ દર મહિને નાવિન્ય સભર વાર્તાઓની રસલ્હાણ... બન્ને વાર્તા સુંદર પણ પંકજમ્મા વાર્તા ખૂબ જ ગમી...

અલૌકી સંજય જરીવાલા-સુરત

'હું તો તેને જાણું છું ને' વાર્તા સુંદર અને ગમી... Short & Sweet

પલ્વલી જીતેન્દ્ર મિસ્ત્રી-અમદાવાદ

બન્ને વાર્તા ગમી પણ 'હું તો તેને જાણું છું ને' વાર્તા હૃદય ભીનું કરી ગઇ..દાંમ્પત્ય પ્રેમ તો આવો હોવો જોઇએ...

નિકુંજ પંચોલી-રાજપીપલા.

અભિનવ પૂર્તિનું સંકલન સુંદર.. વિવિધ હૃદયસ્પર્શી વાર્તાઓ.. લેખો અને કાંઇક ને કાંઇક નાવિન્યતા હોવાથી દર મહિને નવયુગની રાહ જોવા લલચાવે છે...

રેખા શૈલેષ મસ્ત્રી-સુરત

પંકજમ્મા વાર્તા ખૂબ ગમી.. વ્યકિત ધારે તો કંઇ કેટલાને મદદ કરી શકે છે...અને સુંદર લેખો.... ખરેખર નવયુગને નાવિન્ય સભર બનાવવા માટે અભિનંદન

ધર્મિષ્ઠા કિરણભાઇ ગાંધી-સેલવાસ

# સંસ્થા સમાચાર......

## શ્રી પંચોલી વરિષ્ઠ નાગરિક મંડળ–વડોદરા

### શ્રી પંચોલી સમાજ વડોદરાનું ગૌરવ



એજ કેર ફેડરેશન એ ગુજરાતનાં ૭૪ જેટલાં સિનિયર સીટીઝનના મંડળોનું ફેડરેશન છે. આ ફેડરેશનનું ૧૪મું વાર્ષિક અધિવેશન સુમનદીપ વિદ્યાપીઠ, પીપરીયા - વડોદરામાં ૧૪મી ફેબ્રુઆરી ૨૦૧૬-વેલેન્ટાઇન ડે પર ઉજવવામાં આવ્યો. ડો. મનસુખભાઇ શાહ, કર્નલ ડો. જી.ડી.મહેતા, વડોદરા મહાનગર સેવા સદનના કમિશ્નર શ્રી એચ. એસ. પટેલ તથા નામાંકિત ડો. બાળકૃષ્ણ સોનીની ઉપસ્થિતિમાં વરિષ્ઠોના મનભાવન કાર્યક્રમ સાથે ભવ્ય કાર્યક્રમ થયો.

બે હજાર સભ્યોની ઉપસ્થિતિમાં વડોદરા વરિષ્ઠ નાગરિક મંડળના કાર્યકરોએ પણ ભાગ લીધો હતો. આપણી સંસ્થાના સભ્ય શ્રીમતિ શીલાબેન અશ્વિનભાઇ પંચોલી કે જેઓ શ્રી પંચોલી સમાજ વડોદરા સંલગ્ન મહિલા મંડળ, વરિષ્ઠ નાગરિક મંડળ તેમજ મહામંડળની અનેક પ્રવૃત્તિઓમાં ખૂબ ઉત્સાહ અને ખંતથી કાર્ય કરે છે. તેમનું કમિશ્નરશ્રી એચ. એસ. પટેલના વરદ હસ્તે શિલ્ડ, પુષ્પગુચ્છ અને સન્નિષ્ઠ કાર્યકર તરીકેના સર્ટીફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું. પંચોલી સમાજ વડોદરાના અગ્રણીઓ શ્રી મધુસુદનભાઇ, શ્રી રમેશભાઇ, શ્રી મધુભાઇ, શ્રી અશ્વિનભાઇ, શ્રી અરવિંદભાઇ વિગેરેએ શ્રીમતિ શીલાબેનને અભિનંદન પાઠવ્યા છે. શ્રી પંચોલી સમાજ વરિષ્ઠ નાગરિક મંડળ, શ્રી પંચોલી સમાજ વડોદરા તથા પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ અને સમાજની તમામ સંસ્થાઓ સમાજનું ગૌરવ વધારવા માટે હર્ષની લાગણી અનુભવે છે.

## શ્રી પંચોલી સમાજ, વ્યારા





તા. ૧૪.૦૨.૨૦૧૬ની સાંજે પંચોલી સમાજ વ્યારાના બાળકોને પ્રતિવર્ષ શૈક્ષણિક કારકિર્દી ને પ્રોત્સાહન આપવા માટે ઇનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમનું પ્રમુખસ્થાન શ્રી પરસોત્તમભાઇ ઠાકોરભાઇ મિસ્ત્રી તથા અતિથિવિશેષ તરીકે યુવા એન્જીનીયર શ્રી નૈષધ વિજયભાઇ પંચોલીએ શોભાવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત શ્રીમતિ રીટાબેન રાકેશભાઇ ગાંધીની પ્રાર્થનાથી કરવામાં આવી. વ્યારા સમાજના પ્રમુખશ્રી ભરતભાઇ ચંપકલાલ પંચોલીએ ટ્રસ્ટી મંડળ અને સમાજના સર્વે ભાઇ-બહેનોને આવકાર્યા ત્યારબાદ સમારંભના પ્રમુખશ્રી અને અતિથિવિશેષશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું.ત્યારબાદ મહેમાનો, ટ્રસ્ટી મંડળ અને વ્યારા સમાજના હોદ્દેદારો અને વિવિધ સમિતિના અધ્યક્ષ દ્વારા બાળકોને ઇનામ વિતરણ કરવામાં આવ્યું

| ધો. | | નામ | ટકા |
|---|---|---|---|
| ૧ | પ્રવેશ | જલ મયુરભાઇ પંચોલી | |
| | | રિદ્ધિ રાજેશભાઇ પંચોલી | |
| ૧ | ૧ | રૂષાલી હિતેશભાઇ પંચોલી | ૮૪.૬૭ |
| ૨ | ૧ | કુશક સંદિપભાઇ પંચોલી | ૯૮ |
| | ૧ | રીધમ સમીરકુમાર પંચોલી | ૯૮ |
| | ૨ | માર્ગી ભદ્રેશભાઇ પંચોલી | ૯૭.૮ |
| | ૩ | ખુશી વિનોદભાઇ પંચોલી | ૯૧.૧૭ |
| ૩ | ૧ | તનીષા મયુરભાઇ ગાંધી | ૯૯.૭૧ |
| | ૨ | યુગ આશિષભાઇ પંચોલી | ૯૯.૫૭ |
| | ૩ | હિમાની નિલેશભાઇ ગાંધી | ૯૯.૫૦ |
| ૪ | ૧ | મૈત્રી ધર્મેશભાઇ પંચોલી | ૯૬.૬૩ |
| | ૨ | ખુશી અમરભાઇ ગાંધી | ૯૪.૮૩ |
| | ૩ | આર્ચી નિલેશભાઇ પંચોલી | ૮૯.૧૪ |
| ૫ | ૧ | હેમીશ તુષારભાઇ પંચોલી | ૯૯.૫૦ |
| | ૨ | દૃષ્ટિ હિતેશભાઇ પંચોલી | ૮૧.૬૩ |
| | ૩ | કૈવલ વિપુલભાઇ પંચોલી | ૭૬.૦૦ |
| ૬ | ૧ | વત્સલ દર્શનકુમાર પંચોલી | ૯૪.૭૦ |

| | | | |
|---|---|---|---|
| | ૨ | ઈશા વિનોદભાઈ પંચોલી | ૯૧.૮૦ |
| | ૩ | કિંજલ વિજયભાઈ પંચોલી | ૮૬.૫૦ |
| ૭ | ૧ | હેમ ધર્મેશકુમાર પંચોલી | ૯૧.૬૯ |
| | ૨ | માલવ અવનિશકુમાર પંચોલી | ૯૦.૭૦ |
| | ૩ | હેત્વી નરેશભાઈ પંચોલી | ૮૮.૫૦ |
| ૮ | ૧ | વલ્લરી રાજેશભાઈ ગાંધી | ૯૯.૧૯ |
| | ૨ | સ્તુતિ ચેતનભાઈ પંચોલી | ૮૬.૪૦ |
| | ૩ | હર્ષ હિતેશભાઈ પંચોલી | ૮૫.૨૦ |
| ૯ | ૧ | ઉર્જા અમરભાઈ પંચોલી | ૮૦.૨૭ |
| | ૨ | ભાવિક રાકેશકુમાર પંચોલી | ૫૭.૧૪ |
| | ૩ | હેત્વી હરીનભાઈ ગાંધી | ૫૬.૫૭ |
| ૧૦ | ૧ | ક્રિપા ધર્મેશકુમાર પંચોલી | ૭૪.૧૪ |
| | ૨ | ભાર્ગવ નિલેશભાઈ પંચોલી | ૭૨.૮૩ |
| | ૩ | ધ્રુવ ચેતનભાઈ પંચોલી | ૬૦.૫૦ |
| ૧૧ | ૧ | હર્ષ કિર્તીકુમાર પંચોલી | ૭૭.૯૨ |
| | ૨ | મૈત્રી સંદિપકુમાર પંચોલી | ૭૬.૨૯ |
| | ૩ | ગૌરાંગ રાજેશભાઈ પંચોલી | ૬૭.૬૨ |
| ૧૨ | ૧ | જીનલ વિજયભાઈ પંચોલી | ૭૨.૬૭ |
| | ૨ | સિદ્ધિ હિતેશભાઈ ગાંધી | ૬૦.૦૮ |
| | ૩ | કૃણાલ નિલેશભાઈ પંચોલી | ૫૪.૮૦ |
| કોલેજ | | જય દેવેન્દ્રભાઈ પંચોલી | B.E.(E.C) |
| | | પલક ભરતકુમાર પંચોલી | B.E.(E.C.) |
| | | પ્રિયંકા કિર્તીભાઈ પંચોલી | M.C.A. |
| | | મિલાપ ચેતનભાઈ પંચોલી | M.Sc.(IT) |
| | | બ્રિજેશ સનતકુમાર પંચોલી | Dip. (Elect.) |
| | | અક્ષર જયેશભાઈ ગાંધી | M.E.(Civil) |

વિભાગીય

| પ્રથમ | નામ | ધો. | ટકા |
|---|---|---|---|
| ૧ થી ૫ | તનીષા મયુરભાઈ ગાંધી | ૩ | ૯૯.૭૧ |
| ૬ થી ૮ | વલ્લરી રાજેશભાઈ ગાંધી | ૮ | ૯૯.૧૯ |
| ૯ થી ૧૦ | ઉર્જા અમરભાઈ ગાંધી | ૯ | ૮૦.૨૭ |
| ૧૧ થી ૧૨ | હર્ષ કિર્તીકુમાર પંચોલી | ૧૧ | ૭૭.૯૨ |

શ્રીમતિ રંજનબેન એન. પંચોલીએ શૈક્ષણિક કમીટી વતી આ કાર્ય સંભાળ્યું. વ્યારા સમાજના ઉપપ્રમુખ શ્રી નવિનભાઈ વિઠ્ઠલભાઈ પંચોલીએ સમાજના બાળકોને શિક્ષણનું મહત્વ અને સારી કારકિર્દી બનાવવા અંગે માર્ગદર્શન આપ્યુ.

આ કાર્યક્રમમાં શ્રીમતિ ગીતાબેન જયેશભાઈ ગાંધીના સહયોગથી વ્યારાની સી. એન. કોઠારી હોમીયોપેથીક કોલેજના નેચરોપથી વિભાગના અધ્યક્ષ ડો. પિયુષભાઈ પંડ્યા દ્વારા સ્વાસ્થ્ય અંગે વિશેષ માહિતી આપવામાં આવી. સમાજની દરેક વ્યકિત નિરોગી રહે એ માટે એક યોગ શિબિરનું આયોજન તા. ૨૫.૨.૨૦૧૬ થી ૫.૩.૨૦૧૬ સુધી સમાજના હોલમાં રાખવાની ઘોષણા કરી. કાર્યક્રમને અંતે પ્રિતીભોજનને ન્યાય આપી છુટા પડયા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રીશ્રી હિતેશભાઈ પ્રશાંતભાઈ ગાંધીએ કર્યુ હતું.

## શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ

**શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈને મળેલી ભેટ**

રૂા. ૨૫૧/- નાલાસોપારા નિવાસી શ્રી અતુલભાઈ મોહનલાલ પંચોલીની સુપુત્રી ચિ. ટવીન્કલ ના શુભ લગ્ન પ્રસંગ નિમિત્તે..

**કન્યાદાન :** શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈ અને તેના સ્વજનો તરફથી કુ. ટવીન્કલ અતુલભાઈ પંચોલીના તા. ૧૩.૦૨.૨૦૧૬ના રોજ થયેલ લગ્ન પ્રસંગે કન્યાદાનમાં રૂા. ૨,૫૦૦ આપ્યા.

## શ્રદ્ધાંજલી

અને જુઓને જોતજોતામાં
વર્ષ એક વીતી ગયું.
નહોતા જાણતા કેમ જીવીશું
પરમ આનંદ વગર.
પણ છતાં યે જીવી ગયા
તમારા વગર.
ક્ષણે ક્ષણે પળે પળે
યાદ આવતા રહ્યા તમે,
પણ છતાં યે સમય કાપતાં
રહ્યા તમારા વગર.
અશ્રુઓનું તો કામ છે વહેવાનું
નિરંતર વહે છે પણ,
અશાંત આ હૃદય ધબકતાં
ડરે છે તમારા વગર.
અમે સૌ બની ગયા નિરાધાર
લાગતું હતું એક સમયે
જુઓ, છતાં યે જીવીએ છીએ
તમારા વગર.
તમે અમ સ્મરણ માં રહેશો
સદૈવ 'અક્ષય' બની.
અને
આમ જ વર્ષો વીતતાં જશે
અમે જીવતાં શીખી જઈશું,
તમારા વગર.

**શોભા મિસ્ત્રી 'અક્ષય' – બીલીમોરા**

# મહિલા સમાચાર......

## પ્રગતિ મહિલા મંડળ-વ્યારા

તા. ૨૪.૦૧.૨૦૧૬ના રોજ પ્રગતિ મહિલા મંડળ વ્યારાની મિટિંગ પંચોલી સમાજની વાડીમાં મળી જેમાં ૬૫ બહેનો એ હાજરી આપી હતી. પ્રથમ પ્રમુખશ્રીએ સર્વ બહેનોને નવા વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. સહમંત્રી એ ગત મિટિંગનું વાંચન કર્યુ. તથા ઉપપ્રમુખશ્રી એ નવયુગના અગત્યના મુદ્દાઓનું વાંચન કર્યુ. ચાલુ માસમાં આવતી બર્થડે તથા એનીવર્સરીની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી. ૨૬ જાન્યુઆરી નિમીત્તે દેશભકિત ગીતની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૧૫ બહેનોએ ભાગ લીધો હતો અને નિર્ણાયક તરીકેની સેવા સેજલબેન શાહે આપી હતી. જેમાં પ્રથમ-જ્યોત્સનાબેન મહેન્દ્રભાઇ પંચોલી, દ્વિતીય : યોગીની જયેશભાઇ પંચોલી અને તૃતિય : પ્રભાબેન જમીયતભાઇ પંચોલી વિજેતા થયા હતાં.

તા. ૨૦.૧.૨૦૧૬ના રોજ કાલીદાસ હોસ્પિટલ દ્વારા મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પેપ ટેસ્ટ અને મેમોગ્રાફી ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જેમાં જ્ઞાતિની ઘણી બહેનોએ ભાગ લીધો હતો.

આગામી માસની મિટિંગ તા. ૨૮.૨.૨૦૧૬ના રોજ એક દિવસીય પ્રવાસમાં ફાર્મ હાઉસ બેડકુવા સાથે ડબ્બા પાર્ટીનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. અંતમાં અલ્પાહારને ન્યાય આપી છુટા પડયા..

## પંચોલી મહિલા મંડળ-સુરત

શ્રી પંચોલી પંચ સુરત દ્વારા ઓચ્છવ અને તેજસ્વી તારલા ઈનામ વિતરણનો કાર્યક્રમનું આયોજન આવકાર દાયક રહ્યો.

આપણા સમાજની પ્રવૃત્તિઓ અને ભણતરની પ્રગતિ ઓચ્છવ દ્વારા જાણવા મળી. સાથે સાથે સુર-સંગીતનો માહોલ ચાર ચાંદ લગાવી દીધા.. અને સુરતના જમણે સોનામાં સુગંધ ભેળવી.. સુંદર આયોજન કરનાર અને ભાગ લેનાર તમામ ટીમ અભિનંદનને પાત્ર છે... આવો કાર્યક્રમ દર વર્ષે થાય કે જેથી સમાજની એકતા જળવાય રહે...

મનિષાબેન પંચોલી-પ્રમુખ

# કુર્યાત સદા મંગલમ્



વ્યારા નિવાસી શ્રી છાયાબેન મોહનલાલ પંચોલીના સુપુત્ર ચિ. દિવ્યેશના શુભ લગ્ન બારડોલી નિવાસી શ્રીમતિ ભાવનાબેન તથા શ્રી પુષ્પકાંતભાઇ વિઠ્ઠલદાસ પંચોલીની સુપુત્રી ચિ. નિતિક્ષા સાથે તા. ૨૨.૦૨.૨૦૧૬ના રોજ થયા.



વ્યારા નિવાસી શ્રીમતિ ઉષાબેન તથા શ્રી સુરેશભાઇ અંબેલાલ પંચોલીના સુપુત્ર ચિ. ભૂમિતના શુભ લગ્ન વ્યારા નિવાસી શ્રીમતિ સોનલબેન તથા શ્રી સુનિલભાઇ શાંતિલાલ પંચોલીની સુપુત્રી ચિ. ફોરમ સાથે તા. ૫.૦૨.૨૦૧૬ના રોજ થયા.



બીલીમોરા નિવાસી શ્રીમતિ સોનલબેન તથા શ્રી જતિનભાઇ શશીકાંતભાઇ પંચોલીની સુપુત્રી ચિ. પૂજા ના શુભ લગ્ન ચિ. ભાવિન સાથે તા. ૨૯.૦૧.૨૦૧૬ના રોજ થયા.

મુંબઇ નિવાસી શ્રીમતિ દક્ષાબેન તથા શ્રી રાજેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલીના સુપુત્ર ચિ. કૃણાલના શુભ લગ્ન નાલાસોપારા નિવાસી શ્રીમતિ નિર્મિક્ષાબેન તથા શ્રી અતુલભાઇ મોહનભાઇ પંચોલીની સુપુત્રી ચિ. ટવીંકલ સાથે તા. ૧૩.૦૨.૨૦૧૬ના રોજ થયા.

# જીવનસાથી પસંદગી વિશેષાંક

# ફોર્મ

પાસપોર્ટ
સાઇઝનો
ફોટો

પંચોલી નવયુગ મે – ૨૦૧૬માં જીવનસાથી પસંદગી વિશેષાંક પ્રકાશિત કરનાર હોય નીચે આપેલ સંપૂર્ણ વિગત ભરી ફોર્મ મોકલવા વિનંતી. આપની વિગતો વેબ સાઇટ પર મેટ્રોમોની વિભાગમાં પણ પ્રકાશિત કરવામાં આવશે...

નામ :.......................................................................................................................

પિતાનું નામ : .............................................................................................................

માતાનું નામ : .............................................................................................................

સરનામુ : .....................................................................................................................

.....................................................................................................................................

.................................................................................................પીનકોડ : ..........................

ફોન : (ઘર)......................... (ઓ)............................. મો. ..................................................

જન્મ તા. ........................... જન્મ સમય : .......................... ઉંચાઇ............. વજન : .................

અભ્યાસ :.....................................................................................................................

નોકરી/ધંધો : ...........................................................ભાઇ/બહેન :.........................................

મંગળ/શની છે ? ...........................................................................................................

**આપના ફોર્મ તા. ૨૦ એપ્રિલ પહેલા સવેળા મળી જાય એ રીતે મોકલવા વિનંતી.**

દરેક એકમના પ્રમુખ/મંત્રીને વિનંતી કે આપના એકમમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓના ફોર્મ ભરાવી પ્રોત્સાહિત કરી ફોર્મ ભરીને મોકલવા વિનંતી. ઉપરોકત માહિતી ફોટા સાથે વિના મૂલ્યે છાપવામાં આવશે.. છતાં પણ આપની ઇચ્છા હોય તો રૂા. ૧૦૦/૧૫૧/૨૦૦/૨૫૧ ભેટ આપી શકો છો....

**ફોર્મ મોકલવાનું સ્થળ**

**તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

# સમાજવાડીમાં ખીલેલા પુષ્પ



અજરાઇ નિવાસી અંકુરકુમાર રવિન્દ્રભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રીરત્ન ‘મીસરી’ નો જન્મ તા. ૨૨. ૨. ૨૦૧૬ના રોજ થયો. માતા : ચૈતાલીબેન



વ્યારા નિવાસી મિહિરભાઇ હર્ષવદનભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રીરત્ન ‘રુહી’ નો જન્મ તા. ૨૭. ૨. ૨૦૧૬ના રોજ થયો. માતા : ડોનિકાબેન



ગઢબોરીયાદ નિવાસી મુકેશભાઇ રણછોડભાઇ પંચોલીને ત્યાં પુત્રરત્ન ‘નિમિત્ત’ નો જન્મ તા. ૧૧.૧૨.૨૦૧૫ ના રોજ થયો. માતા : શૈફાલીબેન



વ્યારા નિવાસી જીમીકુમાર ભદ્રેશભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્રીરત્ન ‘નાયરા’નો જન્મ તા. ૨.૩.૨૦૧૬ના રોજ થયો. માતા : હિનલબેન


## જીવનસાથી પસંદગી વિશેષાંક સ્પોન્સર

જીવનસાથી પસંદગી વિશેષાંકના સ્પોન્સરર આવકાર્ય છે.... રૂા. ૫,૦૦૦/- આપી આ લાભ લો....


## નવયુગ શુભેચ્છક

## સાતમી પૂણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



**સ્વ. રમાબેન બાલુભાઈ પંચોલી – લેસ્ટર યુ.કે.**
**જન્મ : ૨૬.૩.૧૯૫૧ અવસાન ૧૨.૩.૨૦૦૬**

તમારો ધાર્મિક વૃત્તિવાળો માયાળુ સ્વભાવ, કૌટુંબીક ભાવના, પ્રેમ અને તમારા આદર્શ ગુણો અમે જીવનમાં ભુલી શકીશુ નહીં. તારી હિંમત અને સહનશીલતા વાળુ જીવન અમારા જીવન માટે એક સંદેશ છે.
તમારા જેવા ફુલો ખરે છે અને એની સુવાસ મુકી જાય છે.
તમે જ્યાં હો ત્યાં તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે એજ પ્રાર્થના......

## અર્પણકર્તા

*શ્રી બાલુભાઈ ઝીણાભાઈ પંચોલી*

*શ્રી શૈલેષ બાલુભાઈ પંચોલી*
*શ્રીમતિ મનિષા શૈલેષ પંચોલી*

*આચવંત ડી'ક્રોષ્ટા*
*પ્રીતિ ડી'ક્રોષ્ટા*
*ચિ. મેઈસી*

15 Locke Avenue, Leicester
LE4 - 7RZ (U.K.)
Tel : 0116 - 2681475

# ટીપે ટીપે સરોવર ભરાય......

રૂા. ૨૦૦/- મુંબઇ અંધેરી નિવાસી શ્રી પ્રમોદરાય ગોવિંદદાસ મિસ્ત્રી તરફથી નૂતન ગૃહ પ્રવેશ નિમિત્તે...

રૂા. ૧૦૦/- ગણદેવી નિવાસી નૈનેશભાઇ અમૃતભાઇ મિસ્ત્રી તરફથી માતૃશ્રી પુષ્પાબેનના સ્મરણાર્થે ....

રૂા. ૧૫૧/- બીલીમોરા નિવાસી શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી તરફથી દિકરી સ્મિતાને આઇ.ટી.આઇ. બીલીમોરામાં પ્રિન્સીપાલ તરીકે પ્રમોશન મળ્યું તે નિમિત્તે.

રૂા. ૧૦૧/- બીલીમોરા નિવાસી શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી તરફથી પિતાશ્રી પરમાનંદભાઇ રામજીભાઇ પંચોલીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે..

રૂા. ૨૦૦/- મુંબઇ નિવાસી શ્રી મુકેશભાઇ પરમાનંદભાઇ પંચોલી તરફથી પુત્ર જય ના લગ્ન પ્રસંગ નિમિત્તે...

રૂા. ૧૦૦/- વડોદરા નિવાસી ગં.સ્વ. ભાનુબેન પનસલાલ પંચોલી તરફથી સ્વ. પનસલાલ ચીમનલાલ પંચોલી ના સ્મરણાર્થે...

રૂા. ૧૫૧/- વ્યારા નિવાસી શ્રી હર્ષવદનભાઇ પરસોત્તમભાઇ મિસ્ત્રી તરફથી પુત્ર મિહિરને ત્યાં પુત્રીરત્ન 'રુહી' ના જન્મ નિમિત્તે....

રૂા. ૨૫૧/- ગઢબોરીયાદ નિવાસી શ્રી મુકેશભાઇ રણછોડભાઇ પંચોલી તરફથી પુત્ર નિમિત્તના જન્મ નિમિત્તે...

રૂા. ૧૦૧/- બીલીમોરા શ્રીમતિ સોનલબેન તથા શ્રી જતિનભાઇ શશીકાંતભાઇ પંચોલીની સુપુત્રી ચિ. પૂજા ના શુભ લગ્ન નિમિત્તે...

રૂા. ૧૫૧/- વ્યારા નિવાસી શ્રી જીમીકુમાર ભદ્રેશભાઇ મિસ્ત્રી તરફથી પુત્રીરત્ન 'ચિ. નાયરા'ના જન્મ નિમિત્તે..

રૂા. ૧૫૧/- વ્યારા નિવાસી શ્રી ટોનીકુમાર ભદ્રેશભાઇ મિસ્ત્રીને ત્યાં પુત્ર રત્ન 'ચિ. વિહાન'ના જન્મ નિમિત્તે....

નવયુગ શુભચિંતક શ્રી સંજીવ પંચોલી વડોદરા શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

Book-Post

*Printed Book*

**From : Akshar Printers,**
2/3, Ajit Estate, B/h. Old Dena Bank,
Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-2.

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholi_navyug@yahoo.com**